# શુક્રવાર, તા.૦૯મી ઓક્ટોબર, ૨૦૨૬

## ૪૪૨. ગૌણ વિધાન સમિતિની બેઠક :-

ગૌણ વિધાન સમિતિની બેઠક મંગળવાર, તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ બપોરના ૨.૩૦ કલાકે ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે સમિતિ ખંડ-૨માં મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રણ અલગ-અલગ સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ નાણા વિભાગના વિવિધ એજન્ડા પરની અધિસૂચના સંબંધે વિસ્તૃત જાણકારી મેળવવા માટે વિભાગના પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવ્યા હતા. જેમાં ઉક્ત વિભાગના ચૌદમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ ક્રમાંક: ૧૯ અને એજન્ડા ક્રમાંક: ૨૦ પરની અધિસૂચના સંબંધે ગુજરાત રાજ્ય વ્યવસાય વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ની કલમ-૩(૨)થી મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકારે કરેલા તે અંગેના સુધારા અંતર્ગત પુરવઠાકાર માટેના રજિસ્ટ્રેશનવાળા અને રજિસ્ટ્રેશન વગરના અનુસૂચિ-૭ અને ૭(ક)માં વાર્ષિક વેરાના અલગ-અલગ દરના કારણોની વિસ્તારથી સમજ મેળવી હતી. વધુમાં ચૌદમી વિધાનસભાના દસમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ નાણા વિભાગના જ એજન્ડા ક્રમાંક: ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ પરની અધિસૂચના સંબંધે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૫(૨)થી મળેલી સત્તાની રૂએ રાજ્ય સરકારે જે ઉમેરો કરેલો છે તેમાં મૂલ્યવર્ધિત વેરાના દરમાં સમયાંતરે ઘટાડો કરવામાં આવ્યો છે તેનાં કારણો વિશે વિભાગ પાસેથી વિસ્તૃત સમજ મેળવી હતી. ઉપરાંત ચૌદમી વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ નાણા વિભાગના એજન્ડા ક્રમાંક: ૪૩ પરની અધિસૂચના સંબંધે ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ, ૨૦૦૧ની કલમ-૩૪થી મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકારે ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર નિયમો, ૨૦૦૧માં જે ખંડનો ઉમેરો કર્યો છે તે અંગે વિભાગ પાસેથી વધુ સમજ મેળવી હતી અને તપાસ પૂર્ણ કરી હતી.

ત્યારબાદ ઉદ્યોગ અને ખાણ વિભાગના ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ એજન્ડા ક્રમાંક: ૨ અને ૩ પરની અધિસૂચના સંબંધે વિસ્તૃત જાણકારી મેળવવા માટે વિભાગના પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવ્યા હતા. જેમાં સમિતિએ વિભાગના અધિકારીઓ સાથે ઉક્ત બંન્ને અધિસૂચનાઓ અંગે તેમાય ખાસ કરીને રાજ્ય સરકારના ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ અને તે અંતર્ગત સુધારાઓ પરત્વે ગહન ચર્ચા વિચારણા કરી જરૂરી માહિતી મેળવી હતી. આ ઉપરાંત સમિતિએ સરકાર અને ગુજરાત ખનીજ વિકાસ નિગમ હસ્તકની લિગ્નાઈટ, બોક્સાઈટ અને ફ્લોરસ્પારની ખાણોની સ્થળ તપાસ માટે તારીખ અને સ્થળ નક્કી કરીને જાણ કરવામાં આવશે તેમ ઉદ્યોગ અને ખાણ વિભાગને જણાવ્યું હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**